વડી કચેરી તથા તાબાની કચેરીઓના નવા વાહનો ખરીદવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક-નવબ/૧૦૨૦૨૧/૭૪૧/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા- ૧૧/૦૫/૨૦૨૨.

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી(આ.વિ.)ની કચેરી, ગાંધીનગરનો તા-૦૨/૧૨/૨૦૨૧ પત્ર ક્રમાંક: ટીડી/મકમ/૧/ફા.નં.૪૮૨૭/૨૦૨૧ /૪૬૯૫થી ૯૬

**પ્રસ્તાવના:-**

ભારત સરકારના અનુ.જાતિ, અનુ.જનજાતિ, અત્યાચાર નિવારણ ધારા-૧૯૮૯ ના અસરકારક અમલ માટે જરૂરી મહેકમ તથા વાહનો મંજુર કરવાની જોગવાઈ ભારત સરકાર દ્રારા કરવામાં આવેલ છે. તે મુજબ આ ખાતા હસ્તકની અનુ.જનજાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્રારા અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાઓનો અમલીકરણ માટે દેખરેખ તેમજ મોનીટરીંગની કામગીરી કરવાની હોય છે. માન.મુખ્યમંત્રીશ્રીના વનબંધુ કલ્યાણ યોજનાના દસ મુદ્દા કાર્યક્રમ હેઠળ ચાલી રહેલ કામગીરી અને કાર્યક્રમોના સંકલન અને નિરીક્ષણ વગેરેની કામગીરીઓના અમલીકરણ, દર માસે યોજાતી મીટીંગમાં હાજરી આપવાની હોય તે માટે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, ખેડબ્રહ્મા જી.સાબરકાંઠા તથા પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, રાજપીપળા, જી.નર્મદા માટે ૦૧-૦૧ એમ કુલ-૦૨ વાહન જેમાં ૦૧ વાહનની અંદાજીત કિંમત ૮.૦૦ લાખ લેખે નવા ૦૨ વાહન માટે ૧૬.૦૦ લાખની ખરીદી કરવા માટે માંગણી નં.-૯૬ આયોજન, મુખ્ય સદર-૨૨૨૫,૦૨-૭૯૬-૨૫-વીકિવાય-૫૩ વહીવટી તંત્રને તમામ કક્ષાએ સક્ષમ બનાવવું હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ ની નવી બાબતને અંદાજપત્રમાં સમાવેશ કરવાની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, ખેડબ્રહ્મા જી.સાબરકાંઠા તથા પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, રાજપીપળા, જી.નર્મદાના કન્ડેમ થયેલ વાહનો સામે એક વાહનના રૂ. ૮.૦૦ લાખ લેખે કુલ ૦૨(બે) નવા વાહનો ખરીદવાની રૂ. ૧૬.૦૦ લાખની નવી બાબતને, નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું અચૂક પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સેરેન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વાહનની ખરીદી બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૦૬/ઉઓ-૮/ઘ ની જોગવાઈ અને શરતોને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસારનું વાહન જ ખરીદવાનું રહેશે. તે સિવાય અન્ય કોઈ પ્રકારનું વાહન ખરીદી શકાશે નહીં.

(૯) નવા વાહનની ખરીદી કન્ડેમ વાહન સામે કરવાની હોય તો કન્ડેમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા. ૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવાની જવાબદારી જે તે કચેરીની રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક: ૯૬ આયોજન, મુખ્ય સદર: ૨૨૨૫ અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર ૨૫-વીકિવાય-૫૩ વહીવટીતંત્રને તમામ કક્ષાએ સંગીન બનાવવું" હેઠળ ચાલુ વર્ષની મળેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૦૧/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિપુલ રાઠવા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (સેવા), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ.